# જેઠમલાણી-અમરસિંહનાં નવાં સમીકરણ

આપણા દેશમાં રાજકારણીની તાસીર કયારે કેવા રંગરુપ ધારણ કરશે એનો અંદાજ લગાવવો અઘરો છે. નીતીશકુમારે બિહારની ચૂંટણી પૂર્વે જીતનરામ માંઝીને મુખ્યમંત્રી પદે બેસાડ્યા અને માંઝીને મોદીએ પટાવ્યા એટલે ઉઠાડી પણ મૂક્યા. એ પછી માંઝી ન ઘરના રહ્યા ન ઘાટના. હવે ભારતીય જનતા પાર્ટીને માંઝી ફૂટી ગયેલી તોપ લાગી રહ્યા છે. એમનો કોઈ જ ભાવ પૂછતું નથી - નહીંતર મોદી અને અમિત શાહે એમની કદર કરીને એમને રાજયસભા મારફત કેન્દ્રમાં લઈ જઈ મંત્રીપદું આપ્યું હોત તો તેઓ ફરી પાછા નીતીશકુમારના શરણે જવા ભાગ્યે જ તૈયાર થતા હોય. છેલ્લા વાવડ મુજબ તેઓ નીતીશકુમારના વડપણ હેઠળના મહાગઠબંધનમાં જોડાઈ રહ્યા છે - નીતીશકુમાર એમને આવકારશે કે કેમ એ સવાલ છે! માંઝી તદ્દન સાધારણ કક્ષાના અને બિહારના મૂસહર જાતિના નેતા છે. એથી બિલકુલ સામા પક્ષે ઠાકુર સમાજના અગ્રણી ઉદ્યોગપતિ અમરસિંહ છે, જેમની રાજકીય જિજીવિષા એટલી પ્રબળ છે કે બેઉ કિડનીઓ ફેલ થઈ ગયા છતાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી તેઓ રાજકારણના રણમેદાનમાં એ જ અસલી મિજાજ સાથે જયાંથી અપમાનિત કરી હાંકી કઢાયા હતા તે સમાજવાદી પાર્ટીમાં જોડાઈને રાજયસભાના સદસ્ય બની ગયા છે. પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી રામ જેઠમલાણી ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપક સદસ્ય હોવા છતાં એમના આખાબોલાપણાને લીધે એમને દરવાજો દેખાડી દેવાયો હતો. પરંતુ અમરસિંહની જેમ જેઠમલાણી પણ પ્રબળ રાજકયી જિજીવિષા ધરાવતા મહાનુભાવ છે. તેઓ બિહાર જઈને નીતીશકુમારની પાર્ટીમાંથી રાજયસભામાં પ્રવેશ્યા છે. છેલ્લે તેઓને અમરસિંહે સમાજવાદી પાર્ટીના સ્ટાર પ્રચારક બનાવી દીધા છે! લખનૌ ખાતે એમણે વડાપ્રધાન મોદી સામે બળાપો કાઢીને એમનામાં મૂકેલ વિશ્વાસ વાંઝિયો નીવડ્યો હોવાની રજૂઆત કરી છે. મોદીને વડાપ્રધાનપદના દાવેદાર બનાવવામાં જેઠમલાણીનો સિંહફાળો હતો તે સર્વવિદિત છે. જયારે અડવાણી અને સુષમા સ્વરાજ જેવા સિનિયર નેતાઓ વચ્ચે ગુજરાતના વિવાદાસ્પદ મુખ્યમંત્રીને વડાપ્રધાનપદના દાવેદાર તરીકે રજૂ કરતાં પાર્ટી હાઈકમાંડ મૂંઝવણ અનુભવી રહ્યું હતું. ત્યારે આ આખાબોલા ધારાશાસ્ત્રીએ મોદીના નામનો ઝંડો પકડ્યો હતો. પરંતુ મોદી એની કિંમત ચૂકવી શક્યા નહીં, એથી નારાજ થયેલા વયોવૃદ્ધ ધારાશાસ્ત્રી હવે આગામી ઉત્તરપ્રદેશની અને અન્ય રાજયોની ચૂંટણીમાં એનો વ્યાજ સાથે બદલો લેવા કૃત સંકલ્પ છે. અમરસિંહે એમને ઉ.પ્ર.માં યુવા મુખ્યમંત્રી અખિલેશ યાદવની તરફેણમાં નિવેદન કરાવીને આગામી સમયમાં તેઓ કયાં હશે એનો સંકેલ પાઠવી લીધો છે. મોદીએ કાળાં નાણાં પાછાં લાવવાની ખાતરી આપેલી એમાં તેઓ નિષ્ફળ ગયા છે, તે મુદ્દો હવે ચવાઈ ગયો છે. પરંતુ એ જ મુદ્દો આગળ ધરી પોતે મોદીની છેતરાયા છે પણ ઉત્તરપ્રદેશની પ્રજા ન છેતરાય - એવો પુણ્યપ્રકોપ ઠાલવવાની સાથે યુવા મુખ્યમંત્રી અખિલેશ યાદવ દેશનું ભવિષ્ય છે તેવું ઉદાર નિવેદન કરી દીધું છે. અખિલેષ યાદવની સરકાર સામે ચારે તરફથી હુમલા થઈ રહ્યા છે ત્યારે જેઠમલાણીનું સર્ટિફિકેટ કેટલું કારગત નીડવશે એ તો સમય જ કહેશે. અલબત્ત અખિલેશ ઘણા ઉમદા મુખ્યમંત્રી છે, પણ પરિવારવાદથી ઘેરાયેલા છે એનું શું?

**તંત્રીસ્થાનેથી...**

# ગઝલ વિહાર

**નીતિન વડગામા**

અલપઝલપ અમથું મળવાનું સારું લાગ્યું,
ભીના શબ્દો સાંભળવાનું સારું લાગ્યું.
સંબંધોના કોલાહલને શાંત કરીને,
અંદરઅંદર ઓગળવાનું સારું લાગ્યું.
તૃપ્તિની ટોચે જઈને ઝળહળવા કરતાં,
તરસ્યા રહીને ટળટળવાનું સારું લાગ્યું.
એક નજરમાં આખેઆખું ગામ ભરીને,
પાદરથી પાછા વળવાનું સારું લાગ્યું.
ધ્યાન નથી ખેંચ્યું કયારેયે ઢોલ વગાડી,
ખૂણે બેસી ખળખળવાનું સારું લાગ્યું.
રોજ સવારે પંખી થઈ પાંખો ફફડાવી,
સાંજે સૂરજ થઈ ઢળવાનું સારું લાગ્યું.

**કુમાર જૈમિનિ શાસ્ત્રી**

કરતાલ હાથમાં ધરી કિરતાર ડોલશે
નરસિંહનાં વેશમાં ઘણા કિરદાર ડોલશે
પરભાતિયાના રાગમાં ગુજરાત ગાજશે
મલ્હાર છેડશે અને ગિરનાર ડોલશે
એના અખંડ રાસની એવી થશે અસર
થઈ હાથ ને મશાલ એકાકાર ડોલશે.
ગોકુલ નહીં, નહીં મથુરા, દ્વારિકા નહીં,
ચોમેર 'કૃષ્ણ' નામનો અણસાર ડોલશે.
અદ્વૈત-દ્વૈતના બધા ભેદો-ભરમ તજી,
સાકાર ડોલશે ને નિરાકાર ડોલશે.
વેદો-પુરાણ ઉપનિષદનો સાર એ જ છે
કે પ્રેમરસના કેફમાં સંસાર ડોલશે.
ડોલાવવું ને ડોલવું કેવળ અભિનિવેશ
ભક્તોના રંગ-રૂપમાં દાતાર ડોલશે.
નરસિંહની દીવાનગી ધારણ કરી 'કુમાર'
મારી ગઝલના શેર અપરંપાર ડોલશે.

**આહમદ મકરાણી**

આ સમયના મંચ પર હોકો ભરી બેઠાં છીએ,
કયાં ખબર છે કોઈને કેવું કરી બેઠાં છીએ!
મોજથી જીવ્યા કરું છું કયાં ફિકર છે કોઈની,
એકલો હોવા છતાં મ્હેફિલ ધરી બેઠાં છીએ.
લાખ કોશિશો કરે પણ હાથમાં આવે નહીં,
હર દુ:ખોના હાથથી કાયમ સરી બેઠાં છીએ.
મધદરિયે શું થયું? એની વિગતમાં ના પડો;
બાવડાના જોરથી દરિયો તરી બેઠાં છીએ.
ના બતાવો ડર હવે મૃત્યુતણો અમને કદી,
ચંદ્ર જેવા મુખ પરે એમ જ મરી બેઠાં છીએ.

# મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે

'અરે આ છોકરાઓએ શું માંડ્યું છે?' સોસાયટીના એક સદસ્ય સ્કૂટર પર નીકળ્યા ને બોલ્યા. બહારથી આવતી એક કારના અંદર બેઠેલા લોકો તો ઘડીક ડઘાઈ જ ગયા અને બોલ્યા 'છોકરાઓ ખરા છે યાર!'

દશ્ય જયાં સર્જાય એ અમદાવાદનો ઘુમા વિસ્તાર - અને એમાંથી એક આધુનિક સોસાયટી હતી.

૨૦૧૬ના વર્ષમાં ગુજરાતમાં અને એમાં પણ અમદાવાદમાં જોરદાર ગરમી પડી હતી. મે મહિનાના કેટલાક દિવસોમાં તો હવામાન વિભાગ અને સંબંધકર્તા પ્રશાસને 'રેડ એલર્ટ' આપી દીધી હતી. લાંબા સમય સુધી ગરમીનો પારો ૪૫ ડિગ્રી કરતા ઉપર રહ્યો હતો.

હિલ સ્ટેશનનો શનિ-રવિમાં ભરચક રહેતા હતા. ફલેટમાં ને બંગલામાં રહેતા લોકો મોડી રાત્રી સુધી સોસાયટીના કોમન પ્લોટ કે બગીચામાં બેસતાં કારણ કે અહીં ખુલ્લી હવા આવે.... રાત્રે એરકન્ડીશન ચાલુ રહે એટલે વીજળીના બીલની રકમ પણ વધે.

ગરમીથી ત્રાહિમામ પોકારી ગયેલા લોકો વરસાદની ચાતક ડોળે રાહ જોઈ રહ્યા હતા. આખો જુન વરસાદ વિના પસાર થયો - વરસાદ દેખાયો નહિ. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ આવ્યો પણ હજુ અમદાવાદમાં એનાં એંધાણ દેખાતા ન હતા. ભયંકર ઉકળાટ - બફારો અને ભેજનું વાતાવરણ હતું. એવામાં રવિવારની બપોરે સહુ આરામમાં ને ટીવી જોવામાં મસ્ત હતા ત્યારે વરસાદના ઝાપટા પડવાની શરુઆત થઈ. મોટા ભાગના ફલેટમાંથી નાના નાના ભૂલકા - બાળકો અને યુવાનો જ નહિ, મમ્મી-પપ્પા પણ વરસાદના પહેલા છાંટાને ઝીલવા સોસાયટીમાં આવી પહોંચ્યા હતા.

ફેની - ગુનગુન - આયુષી એની સાઈકલ ફેરવીન મજા કરવા માંડ્યા તો દિશા-જૈની અને ઝીલ પાણીમાં છબછબીયા કરીને ચીચીયારીઓ પાડવા માંડી. ધ્યાન-ઋજુલ-ચેતન અને મયંક સ્કેટ બોર્ડ લઈને મંડ્યા આમ તેમ ઘુમવા - વરસાદ એટલો બધો ન આવ્યો પણ ધીમી ધારે આવ્યો... પલળવા બાળકો સાથે મમ્મી-પપ્પા પણ જોડાયા... ફલેટમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે સહજ ઢાળ હતો એટલે મુખ્ય દરવાજા પાસે ખાસ્સુ પાણી ભરાયું હતુ.

નાના-બાળકો ત્યાં આવી ગયા. કોઈ પાણીમાં કુદવા માંડ્યુ. કોઈ વળી માંડ્યુ છબછબીયા કરવા... કોઈએ કોથળી ભરીને પાણી બીજા પર ઊડાડ્યું... તો બાળકો પૈકીના કેટલાકે ખોબામાં પાણી લઈ લઈને બીજા આવતા જતા લોકો પર પાણી ઉડાડવાનું શરુ કર્યું... જાણે હોળી - ધૂળેટીમાં ભીંજવાતા હોય એમ એકબીજા ઉપર પાણી ઉડાડવા માંડ્યા... આવતા-જતા વાહનો અને માણસોને એમણે પ્રેમથી ભીંજવ્યા - કારને પણ રોકી અને કારને જાણે એક સાથે ચારપાંચ છોકરાઓએ નવડાવી દીધી.

ધમાલ અને મસ્તી વરસાદ કરતા પણ વધુ ગતિથી ચાલતી રહી. બાળકોનો શોરગુલ વધતો ગયો એ જોઈને લેખના આરંભે લખેલા વાક્યો કયાંક સાંભળવા મળ્યા. એક વ્યક્તિએ તો ગેઈટ પરના ચોકીદારને કહ્યું પણ ખરું કે 'બાળકોને હટાવો' પરંતુ બાળકો સાથે હાજર મમ્મી-પપ્પાએ કહ્યું કે 'કયાં કોઈને નડે છે? લાંબી પ્રતિક્ષા પછી વરસાદને વધાવે છે, વધાવવા દ્યો ને ભાઈ! અને આમ બાળકોએ એકાદ કલાક આવેલા મૌસમના પહેલા વરસાદને પ્રેમથી વધાવ્યો. બાળકો - યુવાનો અને મમ્મી-પપ્પા પણ જોડાયા. આ સિવાય બાકીના લોકો એમના ફલૅટની ગેલેરીમાંથી આ દશ્ય જોતા રહ્યા અને રાજી થતા રહ્યા.'

પહેલો વરસાદ મૌસમનો આવે એટલે મોટેભાગે પ્રત્યેક સોસાયટીમાં આવા દશ્યો જોવા મળે છે. ઉકળાટ - બફાસો અને ભેજથી ત્રાસેલા લોકો, એર કન્ડીશનરની હવામાંથી મુક્ત થઈને ઠંડા પવનને માણે છે અને વરસાદને ઝીલે છે. કયારેક વરસાદ ધીમી ધારે હોય છે તો કયારેક તોફાની - વીજળીના કડાકા સાથે, પરંતુ મહત્ત્વ પહેલા વરસાદને વધાવવાનું અને એમાં જોડાયેલા બાળકોને બિરદાવવાનું છે.




બાળપણમાં આપણે એક ગીત ગાતા અને વરસાદને બોલાવવા 'આવ રે વરસાદ, ઘેબરીયો વરસાદ ઉની ઉની રોટલી, ને કારેલાંનું શાક'.

વરસાદ આવે એટલે પોળ-શેરી કે સોસાયટીમાં ધમાલ કરવાની - કાગળની હોડી બનાવીને તરતી મુકવાની... હવે હોડી બનાવવાની સ્કીલ બાળકોને કદાચ યાદ નથી પણ પહેલા વરસાદને એ ઝીલે છે - ને માણે છે એ ઘટના જ આનંદ પ્રગટ કરનારી છે.

પહેલા વરસાદનો છાંટો મસ્તક પર પડે અને આંખો કુતૂહલથી પહોળી થઈ જાય એ બાળસહજ ઈમોશન જયાં સુધી આપણા અસ્તિત્વમાં સચવાય ત્યાં સુધી આપણામાં બાળક જીવે છે એમ માનવું.

કોઈ પણ વયના તબક્કે વરસાદમાં નહાવાનો આનંદ માણવા જેવો હોય છે. વરસાદમાં ભીંજાવું - ગરમાગરમ દાળવડા કે ભજિયાની ઝપટ બોલાવવી - ભીંજાઈને બીજાને ભીંજવવા એ જિંદગીનો લાગણીથી લથબથ સમયગાળો હોય છે.

વરસાદમાં ભીંજાવું એટલે પ્રકૃતિના વહાલમાં ભીંજાવું - વરસાદને ઝીલવો. એમાયે જયારે આવી પળે મિત્રો કે પ્રિયજન સાથે હોય ત્યારે તો એ ક્ષણોના સાક્ષાત્કારની ઘટના વિશેષ આનંદની બની જાય છે. આવી પળો જેમને પણ વરસાદમાં માણવા મળી તેઓ ધન્ય છે.

આપણા બધાના અનુભવનું સત્ય છે કે પહેલા વરસાદનો છાંટો ધરતી પર પડે છે અને પછી જે સુગંધ વાતાવરણમાં પ્રસરે છે એની સુગંધનું અંતર આજ સુધી કયાંક કોઈએ બનાવ્યાનું જાણ્યું નથી.

અષાઢી આભ માથે ગોરંભાઈ રહ્યું છે ત્યારે થોડી વરસાદી કવિતાઓ પણ સાંભરે છે.

પહેલો વરસાદનો છાંટો મુને વાગીયો ને હું પાટો બંધાવવા હાલી...

**- અનિલ જોષી**

આજ નથી જાવું કોઈના ય કામ પર અલ્યા ધીંગા વરસાદ તારા જ નામ પર

**- વેણીભાઈ પુરોહિત**

એક ટીપાંની લાગણી તરસ એમાં આ આભલાને કહી દીધું કે મૂશળની ધારે વરસ

**- તુષાર શુક્લ**

પેલો વરસાદ એક વરસે આવે છે, તું તો રોજ મને આવી ભીંજવતી
નીતરેલું ઝાડ જેમ ઊજવે ઉઘાડ, એમ લટકામાં પાછું ખીજવતી

**- અંકિત ત્રિવેદી**

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલક ડોલક ભાનસાન વરસાદ ભીંજવે
અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે

**- રમેશ પારેખ**

પહેલા વરસાદમાં ભીંજાવાનો અવસર મળે - વરસાદમાં ભીંજાઈએ ત્યારે આપણી અંદર બાળક જીવતું હોવાનો અણસાર મળે છે ને એક દીવડો પ્રગટે છે નિખાલસતાનો - આનંદનો અને એના અજવાળા આસપાસ રેલાય છે.

તેજપૂંજ :

વરસાદનાં ૧૨ પ્રકારો છે :

(૧) ફરફર (૨) છાંટા (૩) ફોરા (૪) કરા (૫) પછેડીયા (૬) નેવાધાર (૭) મોલમેહ (૮) અનારાધાર (૯) મૂશળધાર (૧૦) ઢેફાભાંગ (૧૧) પાણમેહ (૧૨) હેલી.

# જુદી જિંદગી છે મિજાજે મિજાજે



સંતવાણીની અસરકારતા તથા તેની વ્યાપક લોકસ્વીકૃતિ આજે પણ જીવંત તથા ધબકતી રહી છે. કવિ શ્રી હરિકૃષ્ણ પાઠક કહે છે તેમ મધ્યકાલિન સંતવાણીની ઉજળી પરંપરાની એક અભિન્ન કડીની જેમ ભક્તિકવિતા અર્વાચીન કવિતામાં પણ ઉતરી આવી છે. આવી ભજનવાણીના એક મીઠા સર્જક એટલે કવિ શ્રી મનુભાઈ ત્રિવેદી (સરોદ). (૧૯૧૪-૧૯૭૨) સ્વામીદાદા (સ્વામી આનંદ) પોતાની અનોખી શૈલિમાં લખે છે કે સરોદના ભજનો અંતરની આરત તથા આકુળ વ્યથામાંથી જન્મેલા છે. યોગાનુયોગ કવિ શ્રી મનુભાઈ ત્રિવેદી (સરોદ) ની જન્મશતાબ્દીનું વર્ષ બે વર્ષ પહેલાજ ગયું. તેમનું સ્મરણ તો સાહિત્યપ્રેમીઓમાં ચિરકાળ સુધી રહેશે. વ્યવસાયે ન્યાય કરનારા (ન્યાયાધિશ) આ ન્યાયપ્રિય કવિએ કાવ્યતત્વને પણ ઉચિત ન્યાય કર્યો છે. ભજનો અને ગઝલો - એ બન્ને સ્વરૂપોમાં કવિશ્રીએ પોતાના આગવા રંગ પૂર્યા છે. કાવ્યના આ બન્ને સ્વરૂપોની ઉપાસના કેમ કરી? કવિની આ અંગેની કેફિયત કાન માંડીને સાંભળવા જેવી છે.

" ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ ?
અહીં ખેંચે છે મીરાંબાઈ, તો ત્યાં મીર ખેંચે છે. "

કવિ શ્રી મનુભાઈ ત્રિવેદીના ભજનોમાં " ઘૂંટેલી ભાષાના ઊંડાણ " છે તથા ગહન વાતોને, તેના મર્મને સહજ રીતે શબ્દોમાં ઢાળવાની કવિની શક્તિ સૌની દાદ મેળવે તેવી છે.

આપ કરી લે ઓળખાણ, એ સાચા શબદના પરમાણ.
સાકર કહે નહિ, હું છું મીઠી, વીજ ન પૂછે, મુજને દીઠી ?
મોત બતાવે ન યમની ચીઠ્ઠી, પેખ્યામાંજ પિછાણ
એ સાચા શબદના પરમાણ. કોયલ ટહુકે આંબા ડાળે
અંગ ન તોડે કંઠ ન વાળે, ગંગા વહતી સમથળ ઢાળે
ખેંચ નહિ, નહિ તાણ
એ સાચા શબદનાં પરમાણ.
ફૂલ ખીલે નિત નવ જેમ ક્યારે, શ્વાસ લીએ ને સૌરભ સારે
અંતરથી જેમ ઊઠે ત્યારે વહે સ્વયંભૂ વાણ
એ સાચા શબદનાં પરમાણ.

શબ્દોની શક્તિ કેવી પ્રચંડ હશે ? સાચા શબ્દો કોઈની ઓળખના મહોતાજ નથી. શબ્દો સ્વયં પોતાની ઓળખ ઊભી કરે છે, પ્રસરાવે છે તથા તેની આંતરિક શક્તિથીજ ટકી રહે છે. સાકરને ક્યારેય સોગંદનામું રજૂ કરવું પડતું નથી કે હું મીઠી છું ! વીજળીનેય ક્યાં તેના આગમનની જાણ કરવા કોલબેલ દબાવવી પડે છે ? શબ્દોતો સ્વયં પ્રકાશિત છે, પ્રભાવી છે. કુદરત સજીત વિવિધ ઘટનાઓ ખૂબજ સરળ - સહજ રીતે મોટાભાગે આપણી નજર સમક્ષ પ્રગટ થતી હોય છે. કોયલને તેના મધુર ગાનની કર્ણપ્રિયતા સિધ્ધ કરવા કોઈ ખાસ પ્રયાસ કરવા પડતા નથી. તેનો ટહૂકોજ સૃષ્ટિમાં પ્રસન્નતાનો ભાવ પેદા કરે છે. દ્રષ્ટિ હોય તો આ કુદરતની ઘટનાઓનો સીલસીલો આંખવગો - કાનવગો છે. દરેકને તે સહેજે ઉપલબ્ધ છે. શબ્દ કેવો અનેક રૂપ-સ્વરૂપે વિલસી રહે છે તેની વાત કવિએ કરી છે. માત્ર તેની ઓળખ કરવાની દ્રષ્ટિ કેળવવાની વાત છે. પુષ્પના ખીલવાની તથા તેની વિશિષ્ટ સૌરભના પ્રસરવાની ઘટના પણ આજ ક્રમની એક અભિન્ન કડી છે. ફૂલના જીવનની સાર્થકતા પણ તેની આ સ્વયંભૂ સૌરભ પ્રસરાવવાના ક્રમમાંછે. તેની સ્વૈચ્છિક પ્રતિબધ્ધતામાં છે. કવિ શ્રી મકરંદ દવે કહે છે તેમ ફૂલ તો ફોરમ પ્રસરાવીનેજ પ્રસન્નતા પામે છે.




ફૂલતો એની ફોરમ ઢાળી રાજી એક ખૂણામાં આયખું નાનું,
કેવું વીતી જાય મજાનું કોઈનું નહિ ફરિયાદી ને
કોઈનું નહિ કાજી ! ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી.

ગુજરાતમાં અનેક સ્થળોએ કવિશ્રીએ સેવાઓ આપેલી છે. છેલ્લે ૧૯૭૨ માં તેઓ અમદાવાદ સ્મોલ કોઝ કોર્ટમાં જજ તરીકે ફરજ બજાવતા હતા. આ દરમિયાન તેઓ એક દિવસ અમદાવાદના ટાઉનહોલમાં યોજવામાં આવેલા મુશાયરામાં શ્રોતા તરીકે ગયા હતા. મિત્રોના આગ્રહને કારણે મંચ પર જઈને ગઝલ રજૂ કરી. દુર્ભાગ્યવશ આ પછી તરતજ કવિની તબિયત લથડી અને તેઓ નવમી એપ્રિલ-૧૯૭૨ ના રોજ અનંતની યાત્રાએ ઉપડી ગયા. જીવનની ઢળતી સંધ્યાએ તેમણે લખેલી ગઝલ સંકેતમય બની રહી.

જુદી જિંદગી છે મિજાજે મિજાજે જુદી બંદગી છે નમાજે નમાજે.
છે એકજ સમંદર થયું એટલે શું ?
જુદા છે મુસાફર જહાજે જહાજે.
જીવન જેમ જુદા છે, કાયામાં જુદી
છે મુત્યુય જુદા જનાજે જનાજે.

કવિ શ્રી 'સરોદ' ના આંતરિક જીવનસત્વનું પ્રતિબિંબ તેમની રચનાઓમાં ઝીલાયું છે. શ્રી બભુચાઈ રાવત લખે છે તેમ આ સત્વની પ્રાપ્તિ તેમણે અનેક સાધકો - સંતોના સમાગમથીજ કરેલી હશે. કવિને કલંદરીનો મોટો મહિમા છે.

જગતને કરી દે ગમે ત્યારે જાગૃત, કલંદરના નારા છે મારી ગઝલમાં
ક્યાંક જાગે કલંદરી ગાફિલ , એ ન હો તો કલામ ખાલી છે.

જીવનમાં જે મળ્યું છે તે ઈશ્વરની દેન છે. કવિનો ભાવ તેના સંપૂર્ણ સ્વીકાર તરફનો છે. નીચેના શબ્દોમાં કવિના આવા ભાવની અસરકારક અભિવ્યક્તિ છે.

અમને ભલા શું હોય ખુશી, હોય યા ગમી ? એણે દીધી,
સ્વીકાર કર્યો એ દશા ગમી. કાંઠો ઊતરતાં કહેવું પડ્યું વિશ્વસિંધુને,
જીવન ગમ્યું જુવાળ ગમ્યો, જાતરા ગમી.

અધ્યાત્મ શિખરની ઊંચાઈને સહજતાથી આંબી જનાર કવિ અસામાન્ય વિવેક ધરાવતા હતા. સ્વામી આનંદે એક વખત તેમને 'ભક્તરાજ' કહીને બીરાદાવ્યા તો તરતજ તેનો વિરોધ કરેલો. સૌજન્ય તથા વિવેક જાણે તેમના ઘટઘટમાં પ્રસરેલા હતા. આથીજ કવિશ્રી સૌ સાહિત્યપ્રેમીઓના પ્રિય પાત્ર સમાન હતા.

સરોદની ભવજનવાણીના સુંદર સર્જનોને સાંઈ મકરંદે " જીવનના તાજાં, શેડકઢા દૂધની સોડમ આપતાં " કહ્યા છે તે સર્વથા ઉચિત છે. જન્મ-શતાબ્દીનું વર્ષ તો આવ્યું અને ગયું પરંતુ આ સોરઠના કવિની શ્રેષ્ઠ રચનાઓની સૌરભ તો દરેક કાળે પ્રસરતી રહેશે, લોક હૃદયમાં ધબકતી રહેશે.

# લેહ યાત્રા - ખારડુંગલા પાસ - અદ્દ્ભુણ સ્વર્ગ

કહેવાય છે ને કે... હિમાલય જવાની વૃત્તિ હિંદુ માત્રને સ્વાભાવિક હોય છે... હિમાલયનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના સમસ્ત વૈભવ કરતા પણ વધારે છે... હિમાલય એ જ આપણો મહાદેવ છે...

'આખા વિશ્વની સમૃદ્ધિ ખીલવતો છતા અલિપ્ત વિરક્ત, શાંત, અને ધ્યાનસ્થ, હિમાલય જઈ તેને જ હૃદયમાં ધારણ કરી લેવાની જેની શક્તિ હોય તે જ જીવન જીત્યો' - કાકા કાલેલકર.

દક્ષિણ ભારતના પ્રવાસ પછી ઉત્તર તરફ જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મા ભારતીના પગ પખાળ્યા પછી...મુકુટની ગરિમા નિહાળવાની વ્યવસ્થા જાણે ઈશ્વરે પહેલેથી જ કરાવી દીધી હતી...

લદાક પ્રદેશના લેહ શહેરમાં જવાનો સુવર્ણ અવસર સાંપડ્યો...

આપણે બોલવામાં લેહ-લડાખ બોલીએ છીએ પરંતુ લદાક એ કોઈ જગ્યા નથી 'રીજન છે...' 'બનાસકાંઠા' ની જેમ... 'પાલનપુર' જેવી રીતે 'બ.કા.'નું મુખ્ય શહેર તેમ 'લેહ' લદાખ રીજનમાં આવેલ શહેર... જિલ્લો તો કાશ્મીર જ લાગે... જમ્મુથી આશરે ૬૯૦ કિ.મી. દૂર...

લેહ જવાને એકદમ આનંદદાયક માર્ગ હોય તો તે શ્રીનગરથી છે. શ્રીનગરથી ૩૮૭ કિ.મી. દૂર લેહ છે... શ્રીનગરથી લેહ પહોંચતા બે દિવસ થાય છે અને સામાન્ય રીતે રાતવાસો કારગિલમાં થઈ શકે...

લેહ જવાનો બીજો રસ્તો મનાલી થઈને પણ છે... મનાલીતી સરચુ અને ત્યાથી લેહ...

રેલ્વે માર્ગે અહીંથી લેહ પહોંચવું હોય તો જમ્મુ-તાવીમાં જમ્મુ. ત્યાંથી શ્રીનગર કાર દ્વારા ત્યાંથી કારગિલ અને છેલ્લે લેહ... આમ ટ્રેન દ્વારા પાંચ દિવસની સફર પછી લેહની અદ્દ્ભૂત ભૂમિના દર્શન થઈ શકે...

૨૧૭૫ કિ.મી. લાં...બી યાત્રા કર્યા પછી સ્વર્ગની ધરતી પર પરગણ માંડી શકાય... સમય બચાવવા માટે અમે અમદાવાદથી વાયા મુંબઈ થઈને લેહ પ્લેન દ્વારા ગયા હતા... હવાઈયાત્રા જોજનો દૂરનો પ્રદેશ પળવારમાં કાપી નાખે છે... મુંબઈથી વહેલી સવારે ફલાઈટ ઉપડી ત્યારે લગભગ ૫.૪૫ વાગે અમારું પ્લેન 'કારાકોમર રેન્જ' પર્વતમાળા ઉપર હતું... ઉપરથી દેખાતું આ અદ્દ્ભૂત દશ્ય જીંદગીભરનું સંભારણું છે... સફરની શરુઆત જ મનને મોર બની થનગનાટ કરવા મજબૂર કરી દે તેવી રહી...

સુંદરતાની નીતરતા પર્વતો, જે ધીમે-ધીમે હરિયાળા રણદ્વીપમાં એકત્ર થઈ જાય છે...૩૩૫૦ ફુટની ઊંચાઈ પર આવેલ આ શહેરમાં પ્રવેશતા જ માથુ થોડું ભારે થવા લાગે છે... શ્વાસ લેવામાં જરા તકલીફ લાગે...

લેહમાં આપ્યા પછી એટલીસ્ટ ૨૪ કલાક બીજી મુસાફરી કરવાના બદલે વાતાવરણને અનુકૂળ થવા માટે હોટેલ પર આરામ કરવો જોઈએ... લેહ પહોંચીને શરીરની અવસ્થા પ્રમાણે ફરવું જોઈએ... વધારે શ્રમ આપીને તબિયત બગાડવાનું જોખમ રહે છે...




પહેલા દિવસે સ્થાનિક લેહમાં તથા બજારમાં ફરીને દિવસ વિતાવ્યો... તેમાં લેહ પેલેસ, લેહમઠ વગેરે જોયા...

નવ માળનો લેહ મહેલ સત્તરમી સદીમાં લદાખના શાસક સેન્ગે નામગ્યાલે બંધાવ્યો હતો. મહેલની અંદર ભગવાન બુદ્ધના જીવનને રજૂ કરતા જૂનાં દિવાલ ચિત્રો છે.

ત્યાનું તિબેટીયન માર્કેટ ખૂબ સરસ છે... ગરમ વસ્ત્રોની ઉત્તમ ખરીદી ત્યાંથી કરી શકાય. હા! એક મહત્ત્વની વાત એ કે અહીં (લેહમાં) બહારનું એક પણ સીમકાર્ડ ચાલે નહીં.... માત્ર બીએસએનએલનું પોસ્ટપેઈડ કાર્ડ જ ત્યાં ચાલે... બાકી ત્યાંથી લોકલ એરસેલનું કાર્ડ લેવું પડે...

જાણે કે પ્રકૃતિ પણ કહેતી હોય કે મોબાઈલ રુપી જફાને ભૂલી જઈને માત્ર મારું સૌંદર્ય માણ.

બીજા દિવસે સવારે લેહથી ૧૫૦ કિલોમીટર દૂર આવેલા 'નુબ્રા વેલી' જવા નીકળ્યા... લેહથી ૪૫ કિ.મી. ઉપર આવેલ 'ખારડુંગલા પાસ' જીવનનું સંભારણું છે -

૧૮૩૮૦ ફુટ ઊંચાઈ પર આવેલ દુનિયાનો ઊંચામાં ઊંચો મોટરેબલ રોડ 'ખારડુંગલા ટોપ' છે...

૨૭ ઓગસ્ટ ઈ.સ. ૧૯૩૭માં આ રોજ જાહેર જનતા માટે ખૂલ્યો મૂકવામાં આવ્યો... આ રોડ તૈયાર કરતી વખતે ૧૮ એન્જિનિયરના મૃત્યુ થયા હતા... મે મહિનામાં પણ ત્યાં માઈનસમાં ટેમ્પ્રેચર હોય છે, તેવા વાતાવરણમાં રોડ બનાવતી વખતે મૃત્યુ પામેલા એન્જીનીયરોની યાદમાં ત્યાં 'સ્મૃતિ ચિહ્ન'પણ રાખવામાં આવ્યું છે.

ચારેતરફ હિમાચ્છાદિત પર્વતો. એમા વળી સોનામાં સુગંધ ભળી કે ત્યારે થોડી થોડી હિમવર્ષા શરૂ થઈ ગઈ... ત્યાંનું વાતાવરણ એટલું ઠંડું છે કે આર્મીના જવાનો પર્યટકોને ત્યાં ૧૫ કે ૨૦ મિનિટથી વધારે ઊભા પણ રહેવા દેતા નથી...

આપણને ત્યાં વિચાર આવે કે જયા મારા તમારા જેવા વ્યક્તિને ૧૫ મિનિટથી વધુ રોકાવા દેવામાં નથી આવતા ત્યાં આપણા બહાદુર જવાનો દેશની રક્ષા કાજે ઊભા છે.

ખરેખર, સામાન્ય પ્રજા તરફથી સામાન્ય ભારતીય નાગરિક તરફથી ઈન્ડિયન આર્મીને જેટલી સન્માન મળવું જોઈએ તે મળતું નથી... કારણ કે આપણે આપણા સલાલત ઘરમાં બેઠા છીએ... માટે કદર થતી નથી...

ત્યાંથી ખારડુંગ ગામ પહોંચીને અમે નુબ્રા વેલીનો રસ્તો પકડ્યો... (ક્રમશ:)

- jayuoza@gmail.com,
Mo. 9898046488